**<u>અરજદાર ચંદુભાઈ જુઠાભાઈ પટેલની આંક– ૧૫ ની સરતપાસ લગત સામાવાળા નં.ર તર્ફે ઉલટ તપાસ વિ.વ. શ્રી એસ.જે.પંડયા</u>**

(૧) મેં બી.એસ.સી. એગ્રીકલ્ચરનો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે, સંપાદન સમયે અમારુ ગામ સુરેન્દ્રનગર જીલ્લામાં હતું. એ વાત ખરી છે કે, અમારુ રણમલપુર ગામ સુરેન્દ્રનગરથી આશરે ૬૦ કી.મી. દુર થાય અને હળવદથી આશરે ૧૭ થી ૧૮ કી.મી. દુર થાય. એ વાત ખરી છે કે, જમીન સંપાદન સમયે અમારા ગામમાં હાઈસ્કુલ હતી પરંતુ કોલેજ ન હતી. એ વાત ખરી છે કે, રણમલપુર ગામમાં રેલ્વે સ્ટેશન આવેલ નથી. એ વાત ખરી નથી કે, સારા–નરસા પ્રસંગે અમારે ખરીદી કરવી હોય તો અમારે હળવદ અથવા સુરેન્દ્રનગર જવું પડે. એ વાત ખરી છે કે, અમારુ ગામ વીકસીત હોય તે દર્શાવતો આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. હું પોતે ખેતી કરુ છું.

(ર) એ વાત ખરી છે કે, દરેક ખેતીની જમીનની ફળદ્રુપતા જુદી જુદી હોય છે અને તે મુજબ પાક વધુ ઓછા પ્રમાણમાં થતો હોય છે. એ વાત ખરી છે કે, હાલમાં ખેતી કરવી મોંઘી છે. ખેતીમાં ખાતર,બીયારણ,હળવા–લણવાં વીગેરેનો ખર્ચ આવકના આશરે પંદર ટકા જેટલો થાય છે. એ વાત ખરી નથી કે, જમીન સંપાદન થઈ તે અગાઉ અમારા ગામમાં જમીનમાં ખેતી વરસાદ આધારીત હતી. એ વાત ખરી છે કે, મેં ત્રણ સીઝન પાક લેતા હોવાના ઉપજ નીપજ આવક જાવકના કોઈ બીલો રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે સ્થાનીક વેપારીને માલ આપીએ અને તેના બીલ લેવાની જરૂર નથી અને અમને ટેક્ષ લાગતો નથી. એ વાત ખરી છે કે, અમે આધુનીક ઢબે ખેતી કરતા હોય તેવા કોઈ આધાર પુરાવા મેં આ કામે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હું પોતે બી.એસ.સી. એગ્રીકલ્ચરર છું અને ન સમજાય તો ગ્રામ સેવકને પુછી લઈએ છીએ. એ વાત ખરી છે કે, મેં આધુનીક ઢબે ટ્રેકટર અને આધુનીક બીયારણ તથા આધુનીક સાધનો વડે ખેતી કરતા હોવાના આધારો રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ટ્રેકટર અમારી પાસે છે તેના કોઈ આધાર રજુ કરેલ નથી.

(૩) એ વાત ખરી છે કે, ૧૮૦ રૂપિયા પ્રતી ચોરસે ભાવ દર્શાવતો કોઈ આધાર પુરાવો કે જંત્રી મેં આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વેલ્યુએશન જે તે સમયે કરાવ્યુ ન હતુ. એ વાત ખરી છે કે, જમીન સંપાદન અધીનીયમ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપ લાઈન એકટની જોગવાઈઓ અલગ અલગ છે. એ વાત ખરી છે કે, જમીન સંપાદન અધીનીયમ અન્વયે જમીન સંપાદન કરીને તેના પર સામાન્યજનસમુહના કલ્યાણની યોજનાઓનું કામ કરવામાં આવે છે જયારે ધી પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપ લાઈન એકટ મુજબ કોર્મશીયલ કામગીરી માટે ઉપયોગ થાય છે. એ વાત ખરી છે કે, અમારા ગામના અડીને સીમાડાનું ગામ કંકાવટી–વાઘગઢ આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કંકાવટી–વાઘગઢ ગામની જમીનની ફળદ્રુપતા તથા અમારા ગામની જમીનની ફળદ્રુપતા અલગ અલગ છે.

સવાલ:– રણમલપુર ગામમાં આવેલી જમીનોની ફળદ્રુપતા એકસરખી છે ?

જવાબ:– જે રણકાંઠાની બાજુની જમીનો છે તેની ફળદ્રુપતા થોડી ઓછી હોય છે.

હું રણકાંઠાની જમીન એંજાર ગામની ઉત્તર તરફ આવેલી જમીનો ઓછી ફળદ્રુપતાવાળી જણાવું છું.

(૪) હું પટેલ કુલજીભાઈ ભવાનભાઈને ઓળખું છું. એ વાતની મને ખબર નથી કે, રણમલપુર ગામના મુખ્ય એલ.એ.આર. કેસ નંબર ૧૬૧/ર૦૧૮ના ચુકાદાઓ આવી ગયેલ છે. આ પ્રશ્નનો જવાબ લખાઈ ગયા બાદ અને લખાવવાનું પુર્ણ થયા બાદ અરજદારના વિ.વ.શ્રીએ વાંધો લીધેલ છે જેથી આ વાંધા અંગે આખરી દલીલમાં સાંભળી આખરી ચુકાદામાં તેનો નીર્ણય કરવાનું ઠરાવ્યું. એ વાત ખરી નથી કે, મને અને મારા ગામના લોકોને વધુ વળતર મળે તે હેતુથી હું ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, જમીન સંપાદન સમયે અમારા ગામની આજુબાજુ કોઈ મોટા ઉદ્યોગો આવેલા ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમારા ગામની આજુબાજુમાં મીઠાનો ઉધોગ કુડા ગામ ખાતે આવેલ છે પરંતુ તેમાં કેટલા માણસો કામ કરે છે તેની મને ખબર નથી.

**<u>અરજદાર ચંદુભાઈ જુઠાભાઈ પટેલની આંક– ૧૫ ની સરતપાસ લગત સામાવાળા નં.૧ તર્ફે ઉલટ તપાસ વિ.ડી.જી.પી. શ્રી વી.સી.જાની</u>**

(પ) એ વાત ખરી છે કે, હું બી.એસ.સી. એગ્રીકલ્ચરનો અભ્યાસ કરેલ હોવાથી મારી સંપાદન થયેલી રેફરન્સવાળી જમીનની ચર્તુદીશામાં મને સમજ પડે છે. એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશામાં મારા જમીનને અડીને ઉત્તર–દક્ષીણ–પૂર્વ–પશ્ચિમે આવેલ સ્થળ સ્થીતીને મારી જમીનની ચર્તુદીશા કહેવાય. એ વાત ખરી છે કે, મારી જમીનની ચર્તુદીશાને અડીને કોઈ રહેણાંકની સોસાયટી તથા પેટ્રોલપંપ તથા કારખાનું આવેલ નથી. મારી જમીનની પશ્ચિમ દીશાએ અડીને રણમલપુર–ગોપાલગઢ જવાનો રસ્તો આવેલ છે. એ વાત ખરી નથી કે, જયારે મેં રેફરન્સ

દાખલ કર્યો ત્યારે રસ્તો ન હતો. એ વાત ખરી છે કે, અમારુ ગામ મોરબીથી ૬૦ કી.મી. દુર છે અને હળવદથી ૧૭ કી.મી. દુર આવેલ છે. એ વાત ખરી નથી કે, જે તે સમયે મને સરકારે મારી જમીનનું યોગ્ય વળતર આપેલ છે છતા મેં ખોટી રીતે વળતર મેળવવા હાલનો રેફરન્સ દાખલ કરેલ છે.

**ફેરતપાસ નથી.**

તા.૨૧/૮/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧